દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫

2026માં મહાત્મા ગાંધી, નેલ્શન મંડેલા, દલાઈ લામા અને મધર ટેરેસા જેવા શાંતિદૂતના સંદેશાની જરૂર છે

દુનિયા હવે બે દિવસમાં ખ્રિસ્તીઓના નવા વર્ષ 2026માં પ્રવેશ કરશે. જો કે, 2025 જે રીતે ઇરાન, અમેરિકા, ઇઝરાયેલ, હમાસ, યુક્રેન, રશિયા, થાઇલેન્ડ અને કંબોડિયા જેવા દેશોના યુદ્ધ વચ્ચે પસાર થયું છે. જો કે, આગામી વર્ષ 2026 શાંતિથી પસાર થાય તેવી પ્રાર્થના સમગ્ર વિશ્વ કરી રહ્યું છે. વિશ્વની સ્થિતિ જોતા એવુ લાગે છે કે ખરેખર દુનિયાને મહાત્મા ગાંધી, નેલ્શન મંડેલા, મધર ટેરેસા અને દલાઇલામા જેવા શાંતિદૂતની જરૂર છે. આ શાંતિનો સંદેશ આપનાર નેતાઓની વાત કરીએ તો મોહનદાસ કરમચંદ ગાંધી, વૈશ્વિક સ્તરે મહાત્મા ગાંધી તરીકે ઓળખાય છે. ગુજરાતીમાં આ મહાત્મા ગાંધી નિબંધ, આ પ્રતિષ્ઠિત નેતાના આબેહૂબ ચિત્રણને સમાવી લેવાનો ઇરાદો ધરાવે છે, જેમની અહિંસા અને સત્યાગ્રહની ફિલસૂફી - સત્યનું ચુસ્ત પાલન, અસંખ્ય દમનકારી શાસનનો માર્ગ બદલી નાખ્યો અને વિશ્વભરમાં અસંખ્ય વિરોધોના સિદ્ધાંતને આકાર આપ્યો. મહાત્મા ગાંધી પરનો નિબંધ ભારતીય સ્વતંત્રતામાં તેમના મુખ્ય યોગદાન, તેમની અનન્ય નેતૃત્વ શૈલી, વ્યક્તિગત જીવનશૈલી અને મજબૂત માન્યતાઓને પ્રકાશિત કરવાનો પ્રયાસ કરે છે, જ્યારે તેની નિશ્ચિત લંબાઈ દ્વારા માંગવામાં આવતી સંક્ષિપ્તતા માટે સાચું રહે છે. સારમાં, આ લેખ ગાંધીજીના જીવન, તેમના અમર વારસા અને વૈશ્વિક સામાજિક-રાજકીય લેન્ડસ્કેપ પર તેમણે છોડી ગયેલી અદમ્ય છાપના સઘન છતાં સમજદાર અન્વેષણ તરીકે સેવા આપશે. 15 ઓગસ્ટ, 1947ના રોજ જ્યારે ભારતને બ્રિટિશ શાસનથી આઝાદી મળી ત્યારે તેમના અથાક પ્રયાસો ફળ્યા. જો કે, 30 જાન્યુઆરી, 1948ના રોજ તેમની હત્યા કરવામાં આવી ત્યારે તેમનું જીવન દુઃખદ રીતે ટૂંકાવી દેવામાં આવ્યું. તેમ છતાં, તેમની ઉપદેશો લાખો લોકોના હૃદયમાં ખીલી રહી છે, ન્યાય અને સમાનતાની શોધમાં વ્યક્તિઓ અને ચળવળોને માર્ગદર્શન આપે છે. આજે, તેમનો વારસો હજુ પણ ભારત પર ઊંડી અસર કરે છે, જે તેના પ્રેમ, માનવતા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વના

સિદ્ધાંતોને પ્રભાવિત કરે છે. તેમની જન્મજયંતિ, ગાંધી જયંતિ તરીકે મનાવવામાં આવે છે, ભારતમાં રાષ્ટ્રીય રજા તરીકે ઉજવવામાં આવે છે અને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે પણ માન્યતા આપવામાં આવે છે.

દુનિયાના બીજા શાંતિદૂતની વાત કરીએ તો તે છે નેલ્શન મંડેલા. તેમનો જન્મ ૧૮ જુલાઈ, ૧૯૧૮, મ્વેઝો, દક્ષિણ આફ્રિકા - અવસાન ૫ ડિસેમ્બર, ૨૦૧૩, જોહાનિસબર્ગ ખાતે થયો હતો. એક કાળા રાષ્ટ્રવાદી અને દક્ષિણ આફ્રિકાના પ્રથમ કાળા રાષ્ટ્રપતિ હતા. ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સાથે તેમની વાટાઘાટો.એફડબ્લ્યુ ડી ક્લાર્કે દેશના વંશીય અલગતાની રંગભેદ પ્રણાલીનો અંત લાવ્યો અને બહુમતી શાસનમાં શાંતિપૂર્ણ સંક્રમણની શરૂઆત કરી હતી. મંડેલા અને ડી ક્લાર્કને તેમના પ્રયાસો માટે 1993 માં સંયુક્ત રીતે શાંતિ માટે નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. મંડેલાના રંગભેદ વિરોધી કાર્યકર્તાઓને કારણે તેઓ વારંવાર અધિકારીઓના નિશાના પર રહેતા હતા. ૧૯૫૨ થી, તેમના પર સમયાંતરે પ્રતિબંધ મૂકવામાં આવ્યો (મુસાફરી, સંગઠન અને ભાષણમાં સખત પ્રતિબંધ). ડિસેમ્બર ૧૯૫૬ માં તેમની ૧૦૦ થી વધુ લોકો સાથે રંગભેદ વિરોધી કાર્યકર્તાઓને હેરાન કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી.

મધર ટેરેસાનો જન્મ 26 ઓગસ્ટ 1910 ના રોજ સ્કોપજે (હવે મેસેડોનિયામાં) માં થયો હતો. તેના પિતા નિકોલા બોયજા એક સામાન્ય ઉદ્યોગપતિ હતા. મધર ટેરેસાનું અસલી નામ 'એગ્નેસ ગોન્ઝાહ બોયજીજુ' હતું. તેમનો જન્મ અત્યારના મેસેડોનિયામાં થયો હતો. અલ્બેનિયન ભાષામાં ગોન્ઝાહનો અર્થ ફૂલની કળી છે. જ્યારે તે માત્ર બાર વર્ષની હતી, ત્યારે તેમનને સમજાયું કે તેણીનું આખું જીવન માનવ સેવામાં વિતાવશે અને 18 વર્ષની ઉંમરે, તેમણે 'સિસ્ટર્સ ઓફ લોરેટો'માં જોડાવાનું નક્કી કર્યું હતું. દાર્જિલિંગની સેન્ટ ટેરેસા સ્કૂલમાં અધ્યાપન કર્યું, ત્યારબાદ તેણે કોલકાતાની એક શાળામાં અધ્યાપન કરવાનું શરૂ કર્યું, આ પછી તેણે ઓક્ટોબર, 1950 માં મિશનરીઝ ઓફ ચેરિટિની સ્થાપના કરી. તે હજી પણ લાચાર અને અનાથ લોકોને ટેકો આપે છે. 2013 ના એક અહેવાલ મુજબ મિશનરીઝ ઓફ ચેરિટી શાખાઓએ 130 દેશોમાં 700 મિશન ખોલ્યા છે. મધર ટેરેસાને 1979 માં નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરાયો હતો.

અન્ય એક શાંતિ દૂતની વાત કરીએ તો તે છે દલાઇ લામા. 6 જુલાઈ 1935ના રોજ જન્મેલા 14મા દલાઈ લામાનો આજે જન્મદિવસ છે. લામો થોન્ડુપને 22 ફેબ્રુઆરી 1940ના રોજ 14મા દલાઈ લામા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારે તેમની ઉંમર માત્ર 5 વર્ષની હતી. તેમને તેનઝીન ગ્યાત્સો તરીકે પણ ઓળખવામાં આવે છે. 1937માં જ્યારે તિબેટના ધાર્મિક નેતાઓએ દલાઈ લામાને જોયા, ત્યારે તેમણે જોયું કે તે 13મા દલાઈ લામા થુબટેન ગ્યાત્સોનો પુનર્જન્મ હતો. તમામ કસોટીઓમાંથી પસાર થયા પછી ધાર્મિક નેતાઓએ દલાઈ લામાને ધાર્મિક ઉપદેશો આપ્યા હતા. તેમનો જન્મ પૂર્વી તિબેટના ઓમાન પરિવારમાં વર્ષ 1935માં થયો હતો. દલાઈ લામા મોંગોલિયન શીર્ષક છે જેનો અર્થ થાય છે જ્ઞાનનો મહાસાગર. દલાઈ લામાને બુદ્ધના ગુણોનું સ્વરૂપ માનવામાં આવે છે. એક સમય હતો જ્યારે દલાઈ લામાને તિબેટના રાજ્યના વડા તરીકે જોવામાં આવતા હતા. પરંતુ તિબેટ (Tibet) પર ચીનના કબજાના પછી દલાઈ લામા ભારત આવ્યા હતાં. દલાઈ લામા 31 માર્ચ, 1959ના રોજ ભારત આવ્યા હતા. ત્યારથી તેઓ હિમાચલ પ્રદેશના મેકલિયોડગંજમાં રહીને તિબેટના સાર્વભૌમત્વ માટે અહિંસક રીતે લડી રહ્યા છે. તિબેટની સ્વાયત્તતા માટે તે કંઈ પણ કરવા તૈયાર છે. તેમણે તિબેટના લોકો માટે ન્યાય માટે લડતા તેમના અડધા કરતાં વધુ જીવન વિતાવ્યું છે. તિબેટની મુક્તિ માટે તેમના અહિંસક સંઘર્ષને ચાલુ રાખવા બદલ પરમ પવિત્ર દલાઈ લામાને 1989 નો નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

હરદ્વાર ગોસ્વામીને 'બધાં ઓળખે છે'

આજથી પચ્ચીસ છવ્વીસ વર્ષ પહેલા, ભાષાભવનમાં જ્યારે દર શનિવારે 'પછાડ' નિમિત્તે અમે વીસ પચ્ચીસ છોકરાઓ ભેગા થઈને આવડત મુજબ કૃતિઓ રજૂ કરતા અને પછી એની છોતરાફાડ ચર્ચાઓ કરતા ત્યારે થોડાંક સમયના અંતરે બે છોકરાઓ એ વર્તુળમાં દાખલ થયા- એક હતો વાર્તાકાર નવનીત જાની અને બીજો યુવાન થોડો બેઠી દડીનો, હસમુખ ચહેરો અને સરસ ઉચ્ચારણ સાથે પોતાની કૃતિ રજૂ કરતો હરદ્વાર ગોસ્વામી. સ્વસ્થ અને અસરકારક રજૂઆત કરી શકતા હરદ્વાર ગોસ્વામી બહુ મહેનતુ અને મક્કમ રીતે અમદાવાદ જ નહીં, ગુજરાતી મુશાયરાઓ, સાહિત્યિક કાર્યક્રમોમાં પોતાનું નોંખુ સ્થાનક ઊભું કરવાને મારગે વળે છે, આજે ગુજરાત જ નહીં, જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યા દ્વારેદ્વાર હરદ્વારનું નામ જાણીતું છે. અમને સૌ મિત્રોને ગૌરવ છે, આનંદ છે, એનું તપ અને તાકાત મંચ પર અને ગ્રંથોમાં પ્રગટી રહ્યું છે. એને સાંભળવા સામાન્ય ગુજરાતીથી માંડીને જનનાયકો ઉત્સુક હોય છે- આ એની અવિરત મહેનત અને સાથોસાથ એનામાં રહેલ પ્રતિભાનું પ્રતિબિંબ છે. સરળ વ્યક્તિત્વ, સઘન સાહિત્યવાચન અને સમાવેશી સ્વભાવનું મિશ્રણ હરદ્વારને અનોખા વ્યક્તિત્વ તરીકે સ્થાપે છે. પદ્ય અને ગદ્ય બંને ધારામાં એ અસ્ખલિત રજૂઆત કરી શકે છે, સંચાલકમાં આવશ્યક એવું ટાઈમિંગ, સેન્સ ઓફ હ્યુમર અને જરૂર પડ્યે વધારે ઊંડાણમાં ય ખેંચી જવાની એની આવડતે આજે ગુજરાતનાં સભાસંચાલકોમાં આગલી હરોળમાં સ્થાન અપાવ્યું છે. કદાચ સૌથી વ્યસ્ત એવો સાહિત્યકાર પણ છે. વિવિધ સામયિકોમાં, વર્તમાનપત્રોમાં નિયમિત પ્રગટતી કોલમોમાં એનો વાચન વ્યાપ સહજ રીતે ઉપસ્યો છે.

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ

બધાં ઓળખે છે- નામે હરદ્વારા ગોસ્વામીએ લખેલ રેખાચિત્રો ગ્રંથસ્વરૂપે હવે પ્રાપ્ત થઈ રહ્યા છે. એમાં આલેખાયેલ બધાં જ વ્યક્તિત્વોને આપણે ઓળખીએ છીએ. કુલ પચ્ચીસ વ્યક્તિત્વો આલેખાયાં છે. એમાં બુંદેલખંડની રાણી દુર્ગાવતી, કવિ નીરજ, શાયર દાગ દહેલવી, ફિલ્મ લેખક સલીમખાન, એવરેસ્ટ આરોહી અરુણિમા સિન્હા, વિવેકાનંદજી, પહેલાં મહિલા સ્નાતક વિદ્યાગૌરી, અમૃતા પ્રીતમ, નર્મદ, નિરંજન ભગતથી માંડીને મોરારીબાપુ સુધીના અનેક ધુરંધરોના ચરિત્રલેખો આ ગ્રંથમાં સમાવાયા છે. આમ તો આગળ કહ્યું એમ આ સૌ એવા વ્યક્તિઓ છે જેને દુનિયા જાણે જ છે, એમના નામથી, એમનાં કામથી. થોડાં વધારે સજ્જ ભાવકો તો એમનાં જીવન વિશે પણ જાણતા હશે. તેમ છતાં કહીશ કે આ લેખો તમને એ એ વ્યક્તિત્વોની નવી જ દૃષ્ટિ સાથે નવા રૂપે પામવાનો અવસર આપશે. આ કમાલ હરદ્વાર ગોસ્વામીનો છે. ટૂંકી ટૂંકી પંચલાઈનનો ઉપયોગ કરીને વ્યક્તિત્વની જરૂરી ધાર એ સજી આપે છે ને એ ભાવક ચિત્ત પર નોંખું દૃશ્ય રચે છે.

કૃષ્ણકાંત ઉનડકટ એટલે જ લખે છે- એક વાત કહેવા ઇચ્છીશ કે, ઘણા લેખકોના લેખોમાં ચડાવ-ઉતાર જોવા મળતા હોય છે. એક-બે લેખ પછી એકાદ નબળો લેખ આવી જાય. બહુ ઓછા લેખકો સતત સારું લખી શકે છે. હરદ્વારને હું એવી કેટેગરીમાં મૂકું છું. જે સતત સારા નિબંધો લખી જાણે છે. હરદ્વારના સર્જનની ખૂબી એ છે કે, એમાં ગ્રામ્ય પરિવેશન સાથોસાથ શહેરી રંગત પણ છલકે છે. તળપદા શબ્દોથી માંડીને યંગસ્ટર્સની ગુજલીશને એ એવી રીતે પેશ કરે છે કે બધાને પોતાની વાત અને પોતાની ભાષા લાગે...દરેક નિબંધ પછી એ વ્યક્તિની છબી આપણા મનમાં ઊપસે છે, એ હરદ્વારના સર્જનની વિશેષતા છે. દરેક વ્યક્તિવિશેષના અજાણ્યા ખૂણા હરદ્વારે ખોલી આપ્યા છે. હરદ્વારને કિનારે

આ ચરિત્રનિબંધો ખળખળ વહેતી ગંગા જેમ વિહરે છે. શુષ્ક માહિતીને બદલે રસપ્રદ વાતો નિબંધનું જમા પાસું છે.

વિદ્યાગૌરી આપણાં પહેલાં ગુજરાતી મહિલા સ્નાતક છે. સ્વાભાવિક જ એમ કરવું એ સમયે સહેલું નહોતું. એ બધી વિગતો આપવા સાથે રસાયેલું ચરિત્રણ ઉપસાવી આપ્યું છે. એ લખે છે- વિદ્યાગૌરીએ કૉલેજમાં મૉરલ ફિલોસોફી વિષય રાખેલો, પણ કોલેજમાં મૉરલ ફિલોસોફીના કોઈ અધ્યાપક હતા નહીં. આચાર્ય આનંદશંકર ધ્રુવે તેમના વિષય સંસ્કૃત ઉપરાંત મૉરલ ફિલોસોફી ભણાવવાની જવાબદારી ઉપાડી લીધી. આગલા દિવસે પોતે ભણે અને બીજા દિવસે વિદ્યાગૌરીને ભણાવે...વિદ્યાગૌરી ઉત્તમ લેખિકા પણ હતાં, સાથે સાથે રણણભાઈ લખે એ માટે સતત વાતાવરણ પૂરું પાડતાં હતાં. વિદ્યાગૌરીની નિબંધકાર તરીકેની પ્રવાહી અને પ્રભાવિ શૈલી આકર્ષે એવી છે. (પૃ.69) તો અમૃતા પ્રીતમ પરનો લેખ અસરકારક થયો છે. લખે છે- પંજાબમાં જ્યારે સ્ત્રીઓ ઘૂંઘટ ઊંચો કરતાં પણ દસ વખત વિચાર કરતી ત્યારે અમૃતાએ અવાજ ઊંચો કરીને પોતાની વાત મૂકી. અમૃતાએ સૂઈ ગયેલા માણસને જગાડવાનું કામ કર્યું છે. સાહિત્યને ખ્યાર કર્યો, વ્યાપાર નહીં. એના સાહિત્યના ટ્રાન્સમાંથી બહાર નીકળવાનું મુશ્કેલ જ નહીં, નામુમકિન છે. દંતકથાના દરવાજે તોરણ બનીને એનું નામ લટક્યાં કરતું. (પૃ.89)

તો હરદ્વારે વ્યાસપીઠથી સ્વાસપીઠ નામનાં લેખમાં મોરારીબાપુ વિશે ઉલટભેર લખ્યું છે. એનો આરંભ જ જૂઓ- પૂ. મોરારીબાપુ એટલે પ્રવૃત્તિનો પાવરહાઉસ. એમની વિદ્યુતવેગી વાગ્મિતા સાંભળીને વાગેશ્વરી દેવી પણ પ્રસન્ન થઈ જાય. એવુ કહેવાય છે કે વ્યાસપીઠ પર બિરાજમાન થાય છે ત્યારે સ્વયં હનુમાનજી શ્રોતારૂપે બિરાજે છે. ભારતની આઝાદીની લડાઈમાં એક એ બાપુનું પ્રદાન અને ભારતની આધ્યાત્મિક આબાદીમાં આ બીજા બાપુનું પ્રદાન અભૂતપૂર્વ છે. સંગીત, સાહિત્ય અને બધી જ કળાઓને હમેશાં પોંખે છે. (પૃ.123)

છેલ્લે હરદ્વાર ગોસ્વામીનો પરિચય પણ જોઈ લઈએ- નાની વયે ગુજરાત સરકારનો પ્રતિષ્ઠિત યુવા ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. અખિલ ભારતીય સાહિત્ય પરિષદ સર્જકસન્માન, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આત્મનિર્ભર ગુજરાત એવોર્ડ, દિલ્હી સાહિત્ય અકાદમી અને યંગ ટેલન્ટેડ પોએટ (ન્યૂજર્સી), સહિત અનેક એવોર્ડ એમને મળ્યા છે. ભારત સરકારના કલ્ચરલ એમ્બેસેડર તરીકે ચીનનો વિદેશ પ્રવાસ પણ કર્યો છે, આ ઉપરાન્ત બીજા દેશોમાં કવિ અને કાર્યક્રમ સંચાલક તરીકે જવાનુ થયું છે. ઉર્જાથી ઊભરાતાં હરદ્વાર ગોસ્વામીના આ ગ્રંથને આવકારવા સાથે કહીશ કે સભા સંચાલન સદ્ય પ્રત્યાયનની કલા હોવાથી એમાં રાઈમિંગ મજા કરાવે, ચાતુરીનો ઉપયોગ એમાં દાદ અપાવે, લખાણમાં એ અભિધાનું રૂપ ધરીને આવતી હોવાથી ક્યારેક પહેલી નજરે અસર જરૂર કરે, બીજીવાર વાંચવા ન પણ પ્રેરે.

(બધાં ઓળખે છે (રેખાચિત્રો) હરદ્વાર ગોસ્વામી, પ્ર.આ. 2025, પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-380001, કુલ પાનાં- 128, કિં. 249.00, કાચું પૂંઠુ, ડેમિ)

સાભાર સ્વીકાર

53 વર્ષથી ભારતીય તારીખ, તહેવારો, તિથિ અને પરંપરાનો વિશ્વસનીય સ્રોત રહેલા કાલનિર્ણયના વિવિધ પ્રકારના પંચાગ- કેલેન્ડર પ્રાપ્ત થયા. વિવિધ ભાષામાં બનેલા પંચાંગો, માસિક અને વાર્ષિક પ્લાનર, નોટપેડ જેવા પ્રકાશનો વર્ષ ૨૦૨૬ માટે પ્રસિદ્ધ કર્યા છે. કાલનિર્ણયના આ વિવિધ પ્રોડક્ટો આજના ડિજિટલ યુગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર થયેલી હોવાનું સ્પષ્ટ દેખાય છે. વર્ષોની વિશ્વસનીયતા, ચોકસાઈ અને સરળતાનો પરિચય આપતું કાલનિર્ણય તેમના પ્રકાશનમાં પરંપરા સાથે આધુનિકતાનું સંયોજન રજૂ કરે છે. પંચાંગને વધુ સહેલુ અને ઉપયોગી બનાવવાના સતત પ્રયત્નો સાથે આજની પેઢીની પંચાંગની જાત જાતની, જુદીજુદી જરૂરિયાતને સંતોષતા વિવિધ પ્રકારના પંચગો પ્રસિદ્ધ કર્યા છે.

સંકુલ અને અત્યંત જટિલ એવું મનોવ્યક્તિત્વઃ મહારથી કર્ણ

કલ્પેશ પટેલ જાણીતા વાર્તાકાર અને નવલકથાકાર છે. મહારથી કર્ણ એમની આરંભની નવલકથા. મહાભારતની કથા અને ઉપકથાઓ સદીઓથી ભારતીય અને વિશ્વના કલાકારોને આકર્ષતા રહ્યા છે એના અનેક ઉદાહરણો આપી શકીએ. એમાં ય કેટલાક પાત્રો તો લેખકો, કલાકારોને પ્રિય રહ્યા છે એમાંથી એક એટલે કુન્તીની કુંવારી અવસ્થામાં સૂર્યથી થયેલ પુત્ર મહારથી કર્ણ. જેનો જન્મ પછી તરત જ લોકલાજથી બચવા માતા દ્વારા નદીમાં વહેવડાવી દેવામાં આવ્યો ને સંયોગે કરીને કુરુરાજ ધુર્તરાષ્ટ્રના સારથી અધિરથ અને એની પત્ની રાધા દ્વારા ઉછેર પામે છે. એ રીતે જન્મે ક્ષત્રિય હોવા છતાં સૂતપુત્ર થઈને રહેવાની નિયતી છે. બીજી સમસ્યા છે એ એના વ્યક્તિત્વનો, એના તેજનો પહેલો સ્વીકાર અને પરખ કમનસીબે દુર્યોધન દ્વારા થઈ. કર્ણનું જીવન ફંટાઈ ગયું. પછીની કથા તો જાણીતી છે. એકબાજુ સૂર્યનું તેજ લઈને જન્મેલ કર્ણ તત્કાલીને સામાજિક વ્યવસ્થામાં શૂદ્રને ત્યાં ઉછેર પામે છે. આ વિશિષ્ટ લાગતી સ્થિતિના કારણે એનું જે સંકુલ અને અત્યંત જટિલ એવું મનોવ્યક્તિત્વ ઘડાય છે તે હમેશાં કલાકારો માટે, વિચારકો માટે ચેલેન્જ બની રહ્યું છે. એના વ્યક્તિત્વમાં અનેક વિરોધાભાસો એક સાથે રહેલા હોવાથી કોઈપણ સર્જકને એ ઉશ્કેરે.

આ નવલકથામાં કલ્પેશ પટેલ મૂળ કથાને વળગી રહ્યા છે. અલબત્ત, સમગ્ર આલેખન આલેખનનો કેમેરા કર્ણ બાજુથી મૂળ કથા તરફ ફોકસ કરાયો હોવાથી સ્વાભાવિક જ મૂળથી અલગ પડતી ઘટનાઓ, વધારે સઘન રીતે કર્ણના મનોસંચલનો અહીં કેન્દ્રમાં આવે છે.

મૂળ કથામાં સ્વાભાવિક જ કર્ણનો પક્ષ

આ નવલકથામાં કલ્પેશ પટેલ મૂળ કથાને વળગી રહ્યા છે. અલબત્ત, સમગ્ર આલેખન આલેખનનો કેમેરા કર્ણ બાજુથી મૂળ કથા તરફ ફોકસ કરાયો હોવાથી સ્વાભાવિક જ મૂળથી અલગ પડતી ઘટનાઓ, વધારે સઘન રીતે કર્ણના મનોસંચલનો અહીં કેન્દ્રમાં આવે છે. મૂળ કથામાં સ્વાભાવિક જ કર્ણનો પક્ષ રજૂ નથી થયો. અહીં એ પ્રાપ્ત થાય છે.

રજૂ નથી થયો. અહીં એ પ્રાપ્ત થાય છે. કર્ણના પાલક પિતાને નદીમાંથી એ મળે છે એ ઘટનાથી આરંભાતી આ કથા કર્ણના અંત સાથે સમાપન પામી છે. એની વચ્ચે જે સૌથી મોટું ઉભરી આવતું પાસુ હોય તો એ કે કર્ણ પોતે મિત્રતાનું વચન આપેલ હોવાથી દુર્યોધન સાથે જોડાયેલ રહે છે, બીજો તર્ક છે પોતાને સૂતપુત્ર હોવાના કારણે પ્રતિભા બતાવવાની કોઈ તક જ નહીં.. - એ જ એક તર્ક એના પક્ષે ઊભો છે. અન્ય કોઈ કારણ એવું નથી જન્માવી શક્યા કે જેનાથી કર્ણની વાત ઊભી રહે.

આ કથાનો નાયક કર્ણ દરેક પ્રસંગે ચિત્ત પાસે ખુલાસા કરતો અનુભવાય છે. દુર્યોધન જડબુદ્ધિ છે, અધર્મ આચરણ કરતા અચકાતો નથી, મામા શકુનિના રંગે રંગાઈ જવામાં ઉતાવળ કરી નાંખે છે- એવા અનેક પ્રસંગો છે ત્યારે કર્ણ મનોમન દુર્યોધનની મર્યાદાને સમજે છે પણ એ પછીએ રોકવાનો કોઈ પ્રયત્ન કરતો નથી. મિત્રનો સાથ નિભાવવો એ બહુ મોટું મૂલ્ય છે એ હકીકત છે પણ મિત્રને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરવો એ એનાથીએ મોટું મૂલ્ય છે અને એમ કરવામાં કર્ણ હમેશાં વિવિશતા જ અનુભવતો રહ્યો. કલ્પેશ પટેલે આ કથા લખવાનો આરંભ કર્યો ત્યારે એમણે શ્રી રઘુવીર ચૌધરીને વાત કરી હતી ત્યારે રઘુવીર ચૌધરીએ ચેતવણીરૂપ વાક્ય કહેલું- 'યાદ રાખજો, કર્ણ અધર્મના પક્ષે ઊભો છે.' મને લાગે છે કે, આ વાક્ય એમના ચિત્ત પર અત્યંત હાવિ રહ્યું છે. સ્વાભાવિક પણ છે. ઈતિહાસને ક્યારેય બદલવો શક્ય હોતો નથી. એટલે કર્ણ જીવી ગયો છે ને એની જે પ્રાચીન કથા છે એને તો બદલવી શક્ય જ નથી પણ એ પછી પણ વર્તમાન અર્થઘટનમાં જવાની ઘણી શક્યતાઓ હોય ત્યારે સર્જક એ કથાનક કે પાત્ર પાસે જતો હોય છે. કલ્પેશ પટેલ કર્ણના આંતરસંઘર્ષને વાચા આપવામાં ખાસ્સા સફળ રહ્યા છે એમ જરૂર કહી શકાય.

સંસ્કૃત તત્સમ શબ્દોનો ઉપયોગ આ નવલકથાની ભાષામાં થયો છે. સ્વાભાવિક જ એ જરૂરી પણ છે. એના કારણે ભાવકમાં એક જુદા જ સમયખંડની અનુભૂતિ જન્મતી હોય છે. પણ એ પછીએ જરૂર કહીશ કે કર્ણના પાલક માતા-પિતા, એનું વતન અને હસ્તિનાપુર વચ્ચેની જે ખાઈ ઊભી થવી જોઈએ એ તરફ લેખકનું ધ્યાન ગયું નથી. હા, વિગતોમાં જરૂર એનો ભેદ કહેવાયો છે, પણ એ આલેખન ન થયું હોવાથી પરિવેશ અને લોકાલનો ખાસ કોઈ પ્રભાવ આ કથામાં જન્મી શક્યો નથી. હા, ઘટનાઓનું સાતત્યસભર આવર્તન આ કથાને ફોર્સ જરૂર આપે છે. પાંડવો અત્યંત ગૌણરૂપે ઝીલાયા છે, એના પક્ષને કર્ણ સમજ્યો ન હોય એવું છેક અંત ભાગ સુધી લાગ્યા કરે. પિતામહ ભિષ્મ અને શ્રી કૃષ્ણના પાત્રને લેખકે સરસ રીતે ઉપસાવી આપ્યું છે. દુર્યોધન પણ કશાય વિશેષ પરિમાણો વિના એના એજ રૂપે આપણી સામે આવે છે. કર્ણ તરફનું ખેંચાણ શબ્દોમાં છે, પરિસ્થિતિમાંથી જન્મતું નથી.

કુન્તા, દ્રૌપદી અને રાધા જેવી સ્ત્રીઓ અવાર-નવાર આવી છે, એનું આલેખન મૂળ કથા જેવું યાંત્રિક અને વિકાસ વિહિન છે. કર્ણએ વિદ્યા પ્રાપ્ત કરીને બસ અર્જુનને હરાવવો છે - એ જ એક જીવનમંત્ર રટ્યો હોય એવું આલેખન એની સાચી વિદ્યાપ્રિતિની પ્રતીતિ નથી કરાવતી. આત્મ વિશ્લેષણની ઘણી ઘટનાઓ આંતર સંવાદરૂપે આલેખાઈ હોવા છતાં એ પણ એક દિશાની વિચારણા અને સ્વીકાર હોય તેવું લાગ્યા વિના ન રહે. જેમકે, કર્ણ માત્ર યોદ્ધો બનવા જ મથ્યો, એને વિદુરની રાજનીતિ, ભિષ્મ જેવા મહાન યોદ્ધા અને મહામાનવના જીવને ક્યારેય કેમ કોઈ અસર ન પાડી..મિત્રતાને ઘૂંટવા ને સારા-નરસાં પ્રસંગે પડખે ઊભા રહેવાની ક્ષણે પણ વિવિશ બની રહેવાની એની ક્ષણો આપણને પ્રશ્ન જન્માવે કે એણે જીવનમાં ખરેખર બીજી કોઈ ખેવના જ કેમ ન જન્મી...એ માત્ર પડછાયો બનીને મિત્રને આંધળું અનુકરણ જ કરવા જન્મ્યો... દાનેશ્વરીનું પાસુ પણ અહીં સબળ અને પૂરા તર્ક સાથે નથી આલેખાયું. એ સૂર્યનો પૂત્ર છે, એને ખબર પણ પડી જ ગઈ છે કે એ પાંડવોનો મોટો ભાઈ છે.

એ સભાનતા એનામાં કશુંય ભવ્યપણુ જગવવામાં કેમ ભાગ ભજવતું નથી...એ ક્ષુદ્ર લાગે તેવા જ પ્રયોજનોમાં અટવાયા કર્યો એનું મનોવિશ્લેષણની દૃષ્ટિએ આલેખવાની શક્યતાઓ પણ એના રાજસી સ્વાભાવના આલેખનમાં દબાઈ ગઈ. લેખકે, હિન્દી, મરાઠી, ગુજરાતી અને અન્ય ભાષામાં લખાયેલા કર્ણ વિષયક રચનાઓના તર્કથી વિશેષ કે એ કક્ષાના આલેખનમાં લેખક નથી જઈ શક્યા એવી પ્રતીતિ આ કથામાં થયા વિના નથી રહેતી. હા, સરેરાશ વાચક માટે આ નવલકથા જરૂર રસ પાડે એવી છે. એની ના નહીં.

(મહારથી કર્ણ (કલ્પેશ પટેલ) પ્ર.આ.2004, પ્રકા. રંગદ્વાર પ્રકાશન, 15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-380009, કુલ પૃ. 216, કિં.100.00, કાચું પૂંઠું, કાઉન)

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આદમી મુસાફિર હૈ...

જીવનનાં સંસાર ચક્રમાં માણસજાત મુસાફિર જેવો છે. રોજબરોજ કામ-ધંધો, વેપાર, નોકરીમાં જોતરાયેલો રહે છે અને દોડધામ વાળી જિંદગી જીવતો હોય છે. રસ્તામાં કંઈ વસ્તુ ભૂલી ગયો કે છોડી આવ્યો તે મંઝીલ પર પહોંચે ત્યારે યાદ આવે છે.જીવનમાં અનેક ઉતાર ચઢાવ લીલી-સુકી જોઈને પ્રગતિ કરતો હોય છે. સારા મિત્રો મળે તેને સહયોગી કહેવાય. વિરોધી હોય એને દુર્ભાગી કહેવાય છે. જયારે જીવનની નૈયા ડોલે ત્યારે અનેક પડકારો આવે છે.ત્યારે જલ્દી સાહિલ (કિનારો) નથી મળતો અને સંઘર્ષ કરવો પડે છે. આજના ઝડપી યુગમાં લોકોની પૈસા પાછળ આંધળી દોટ હોય છે.એટલે કહેવાય છે. "EVERY BODY RUNS AFTER MONEY" જીવનમાં પૈસા જ મહત્વનો ભાગ નથી. પૈસાથી પદાર્થ-વસ્તુ ખરીદી શકાય પુણ્ય નહિ, સદ્કાર્યો કરીને પુણ્યનું ભાથું બાંધવું પડે છે.સ્વર્ગ અને નર્ક એ તો માત્ર કલ્પના છે. માણસ પાસે સત્તા, વૈભવ, સંપતી હોય તો અમન-ચમનથી જીવે છે. જયારે મોત સામે દેખાય ત્યારે ગભરાય છે. જીંદગીને પ્રેમથી માણી,તો મોતને પણ ગળે લગાવો,કેમ કે મોત પણ વાસ્તવિક છે. એટલે એક શાયરે "મોત" બાબતે લખ્યું છે. "ન ગાતી હૈ,ન ગુનગુનાતી હૈ, મોત જબ ભી આતી હૈ, ચૂપકે સે આતી હૈ..."

તરસાડા, માંડવી, -પ્રવીણસિંહ મહીડા

નારીવાદની આડઅસર

આજે દેશમાં નારીવાદનો પવન વાઈ રહ્યો છે. લૈંગિક સમાનતા, પૈતૃક સત્તાનો વિરોધ વગેરે વગેરે નારીવાદની ઉપજ છે. આ નારીવાદ પશ્ચિમથી આયાત થયેલો છે. અમેરિકન લેખિકા બેટી ફ્રીડેને પોતાના વિસ્તારની કેટલીક મહિલાઓનો સર્વે કરીને એવું તારણ કાઢ્યું કે "આ તમામ મહિલાઓનો પરિવાર છે, બાળકો છે અને મોટા ભાગે સંપન્ન છે. છતાં તેમનામાં એક અલગ જ પ્રકારનો અજંપો છે. આના આધારે તેણે એક પુસ્તક લખ્યું 'ધ ફેમિનાઈન મિસ્ટિક. જેમાં લેખિકાએ કહ્યું કે પરિવાર, પ